<u>સે.કે.નં.૧૪૩/૨૨</u>

**<u>આંક–૦૧ હેઠળ હુકમ :–</u>**

આજરોજ આરોપી નં.૨ નાઓ હાજર છે આરોપી નં.૧ ખીમાભાઈ ટીટાભાઈ મછારનો પોકાર કરતા હાજર નથી. કેસ રેકર્ડ ધ્યાને લેતા આરોપી સામે તા.૧૦/૦૮/૨૦૦૭ ના રોજથી ધરપકડ વોરંટનો હુકમ થયેલ છે તથા આરોપી હવસીગઈ નાગુભાઈ ભુરીયા નાઓ એબેટલ થયેલા છે. ત્યારબાદ આરોપીને એબ્સકોન્ડીંગ બતાવીને અત્રેની અદાલતમાં કેસ કમીટ કરવામાં આવેલ ત્યારબાદ પણ આરોપી નં.૧ ખીમાભાઈ ટીટાભાઈ મછાર સામે અત્રેની અદાલત ધ્વારા વોરંટ વાંરવાર ઈસ્યુ કરવા છતા આજદિન સુધી બજેલ નથી અને આરોપી હાજર થતા નથી. કેસનુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં હાલના કામે અન્ય આરોપી અજુભાઈ કાનજીભાાઈ બારીયા નાઓ નિયમીત હાજર રહેતા હોય જયારે આરોપી ખીમાભાઈ ટીટાભાઈ મછાર નાઓ હાજર રહેતા ન હોવાના કારણે કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી તેમજ, અવાર નવાર વોરંટ ઈસ્યુ થવા છતા આરોપી ધ્વારા યેન કેન પ્રકારે તેની બજવણી થવા દેતા નથી. જે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ તથા ૩૧૭ મુજબ આરોપી ખીમાભાઈ ટીટાભાઈ મછાર જાતે કોર્ટ સમક્ષ પોતાની સામેની ઈન્સાફી કાર્યવાહી અન્વયે મળતાં હકકો જતા કરતા હોવાનું માની તેઓની ગેરહાજરીમા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા તથા પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૩જી માહે જાન્યુઆરી સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૧/૨૦૨૫
દાહોદ.

( હર્ષદ શામરાવ ખુટવડ)
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
દાહોદ – જીજે ૦૦૭૨૬.